# G4 Ministerial Joint Press Statement

September 23, 2020

## જી-4 મંત્રીઓનું સંયુક્ત પ્રેસ સ્ટેટમેન્ટ

સપ્ટેમ્બર 23, 2020

1. 23 સપ્ટેમ્બર 2020 નાં રોજ, જી-4 દેશોનાં વિદેશ મંત્રીઓ, બ્રાઝિલનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રી અર્નેસ્ટો અરાઉજો, ભારતનાં વિદેશ મંત્રી મહામહિમ ડૉ. સુબ્રમણ્યમ જયશંકર, જાપાનનાં વિદેશી બાબતોનાં મંત્રી મહામહિમ શ્રી મોટેગી તોશિમિત્સુ, અને જર્મનીનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રી હેઇકો માસ વતી ફેડરલ ફોરેન ઓફિસ પર મિનિસ્ટર ઑફ સ્ટેટ મહામહિમ શ્રી નિએલ્સ એન્નેન સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાનાં 75માં સત્રા દરમિયાન વર્ચ્યુઅલી મળ્યા હતા.

2. "આજનું વિશ્વ 75 વર્ષ અગાઉ જ્યારે સંયુક્ત રાષ્ટ્રની રચના કરવામાં આવી હતી ત્યારે હતું તેનાથી ખુબ જ ભિન્ન છે. વધારે દેશો છે, વધારે લોકો છે, વધારે પડકારો છે પરંતુ વધારે નિરાકરણો પણ છે. આપણી કાર્ય પદ્ધતિઓએ ગતિ જાળવી રાખવાની અને ગ્રહણ કરતા રહેવાની જરૂર છે. (...) આપણે સંયુક્ત રાષ્ટ્રનાં મુખ્ય ત્રણ અંગેનાં સુધારાઓ માટેનાં આપણા આહ્વાનનું પુનઃઉચ્ચારણ કરીએ છીએ. આપણે સુરક્ષા પરિષદનાં સુધારા પરની ચર્ચાઓમાં નવા પ્રાણ નાંખવા કટિબદ્ધ છીએ."

તમામ રાજ્યો અને સરકારનાં વડાઓ દ્વારા હમણા જ ગ્રહણ કરવામાં આવેલા ડીક્લેરેશનમાંથી આ શબ્દો 2005 માં યોજાયેલા વિશ્વ શિખર સંમેલનમાં રાજ્ય અને સરકારનાં વડાઓ દ્વારા કલ્પના કરવામાં આવી હતી તેવા સુરક્ષા પરિષદનાં વહેલા અને વ્યાપક સુધારા તરફનાં નિર્ણાયક પગલાઓ લેવા માટેનાં આપણા સામાન્ય નિર્ધારની પુનઃપુષ્ટિ કરે છે.

3. આ આહ્વાનનાં અનુપાલનમાં, જી-4 મંત્રીઓએ સમકાલિન વાસ્તવિકતાઓને વધારે સારી રીતે પ્રતિબિંબિત કરવા માટે સંયુક્ત રાષ્ટ્રમાં સુધારો કરવાની અને તેનાં મુખ્ય નિર્ણય-લેનારા સંસ્થાનોને અપડેટ કરવાની ત્વરિત જરૂરીયાત પર પ્રકાશ પાડ્યો હતો. જી-4 મંત્રીઓએ આ પ્રક્રિયાને વેરવિખેર કરવાનાં પ્રયાસો પર અસંતોષ વ્યક્ત કર્યો હતો અને સંયુક્ત રાષ્ટ્રની આ 75મી વર્ષગાંઠ પર અર્થપૂર્ણ રીતે અને વધારે ત્વરીત રીતે મુદ્દાઓને સંબોધવા કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

4. સુરક્ષા પરિષદમાં સુધારો કરવાનાં ભાગરૂપે બન્ને કેટેગરીઓમાં સુરક્ષા પરિષદનું વિસ્તરણ આ સંસ્થાનને વધારે પ્રતિનિધિત્વ ધરાવતું, કાયદેસરનું અને અસરકારક બનાવવું અતિ અનિવાર્ય બનશે જેથી આંતરરાષ્ટ્રિય શાંતિ અને સુરભાનાં પ્રશ્નો પર આજે વિશ્વ જે જટિલ પડકારોનો સામનો કરે છે તેને નાથવાની ક્ષમતા વધારી શકાય. માત્ર જો આપણે સુરક્ષા પરિષદમાં સુધારો કરવાની વ્યવસ્થા કરી શકીએ તો જ આપણે તેને કાળગ્રસ્ત થતું અટકાવી શકીશું. આંતરરાષ્ટ્રિય શાંતિ અને સુરક્ષાની જાળવણી કરવા ક્ષમતા અને ઇચ્છાશક્તિ ધરાવતા આફ્રિકા સહિતનું દેશોનું વધારેલા અને સુધારેલા પ્રતિનિધિત્વ સાથેનાં સુરક્ષા પરિષદનાં બૃહદ સભ્યપદથી તેની વિશ્વસનિયતાનું રક્ષણ કરી શકાશે અને આજની આંતરરાષ્ટ્રિય કટોકટીઓનાં શાંતિપૂર્ણ નિરાકરણ માટે જરૂરી રાજકીય સમર્થનનું નિર્માણ કરી શકાશે.

5. જી-4 મંત્રીઓએ સુરક્ષા પરિષદનાં સુધારા પર આંતરસરકારી વાટાઘાટો (IGN) માં આગળની કોઇ અર્થપૂર્ણ ચળવળની ઉણપ પર તેઓની ચિંતા વ્યક્ત કરી હતી અને તેઓની ચિંતા વ્યક્ત કરી હતી કે – ફેબ્રુઆરી અને માર્ચમાં બે

સત્રો બાદ – કોવિડ-19 નાં કારણે IGN સ્થગિત કરવામાં આવી હતી અને ત્યારબાદ કોઇ વધુ બેઠકો યોજવામાં આવી ન હતી. જોકે, અગાઉનાં સત્રમાં પ્રગતિ કરવા માટે વર્ચ્યુઅલ બેઠકો અથવા લેખિત પ્રક્રિયાઓ કરી શકાઇ હોત.

6. આ પ્રક્રિયામાં એઝુલવિનિ સંમતિ અને સિર્તે ડીક્લેરેશનમાં નિવેશિત સામાન્ય આફ્રિકન સ્થિતિનાં વિચારનો પણ સમાવેશ કરી શકાયો હોત. તાજેતરનાં સત્રથી ફરી એકવાર નિરૂપણ થયું કે IGN જરૂરી નિખાલસતા અને પારદર્શકતા ધરાવતી નથી અને તે ખામીયુક્ત કાર્ય પદ્ધતિઓથી કુંઠિત થયેલ છે. IGN નું માર્ગદર્શન સંયુક્ત રાષ્ટ્રનાં સનદમાં અને સામાન્ય સભાનાં નિયમો અને પ્રક્રિયાઓમાં સ્થાપિત નિર્ણય-લેવાની આવશ્યકતાઓ અને કાર્ય પદ્ધતિઓ દ્વારા થવું જોઇએ.

7. G-4 મંત્રીઓને ખાતરી થઇ છે કે આંતરસરકારી વ્યવસ્થામાં વાસ્તવમાં નોંધપાત્ર લખાણ આધારિત વાટાઘાટો હાથ ધરવામાં આવ્યા વગરની, માત્ર સામાન્ય વિધાનો આધારિત સામાન્ય ચર્ચાઓ કરવાનો ત્યાગ કરવાનો સમય આવી ચૂક્યો છે.સંયુક્ત રાષ્ટ્રનાં સભ્ય રાષ્ટ્રોમાંથી ભારે બહુમતિમાં સુરક્ષા પરિષદનાં વ્યાપક સુધારાને મક્કમ સમર્થન આપે છે, અને અપેક્ષા રાખે છે કે સંયુક્ત રાષ્ટ્રની 75 મી વર્ષગાંઠનાં વર્ષમાં IGN ટોસ પરિણામો પ્રદાન કરે. વર્તમાન સત્રમાં IGN દ્વારા પાછલા સત્રનાં સીધા સાતત્યમાં તાત્કાલિક પ્રારંભ કરવો જોઇએ.

8. જી-4 મંત્રીઓએ આંતરરાષ્ટ્રિય શાંતિ અને સુરક્ષાની જાળવણીની બાબતમાં વધારે જવાબદારીઓ લેવાની ક્ષમતા અને ઇચ્છાશક્તિની શરતે સુધારેલી સુરક્ષા પરિષદમાં મહત્વકાંક્ષી નવા કાયમી સભ્યો તરીકે એકબીજાની ઉમેદવારી માટે તેઓનાં સમર્થનનું પુનઃઉચ્ચારણ કર્યું હતું. પરિષદને વધારે કાયદેસર, અસરકારક અને પ્રતિનિધિત્વ ધરાવતી બનાવવા સંયુક્ત રાષ્ટ્રમાં વિકાસશીલ દેશો અને મોટા યોગદાન કરતા દેશોની સુધારેલી ભૂમિકાની સ્પષ્ટ જરૂરીયાત છે. સુરક્ષા પરિષદમાં આફ્રિકાનાં ઓછા-પ્રતિનિધિત્વની બાબત સાથે આ ખંડ સામે થયેલા ઐતિહાસિક અન્યાયને સુધારવા સુધારેલી અને વિસ્તૃત સુરક્ષા પરિષદનાં સભ્યપદની બન્ને કાયમી અને બિન-કાયમી કેટેગરીઓમાં આફ્રિકાનું પ્રતિનિધિત્વ કરવાની જરૂરીયાત છે. આ કસોટીનાં સમયમાં અગાઉ ક્યારેય ન હોય તેવી ત્વરિત રીતે - આંતરરાષ્ટ્રિય સહકાર અને વૈશ્વિક શાસનમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા અમને મદદ કરવા પ્રતિનિધિત્વ ધરાવતી સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદની જરૂર છે.

9. જી-4 અન્ય સુધારાવાદી દેશો અને જૂથો સાથે જોડાવાનું ચાલું રાખશે અને કોઇ વિલંબ વગર લખાણ-આધારિત વાટાઘાટોનો પ્રારંભ કરવાની કામગીરી હાથ ધરશે. મંત્રીઓએ સુરક્ષા પરિષદનાં વહેલા સુધારાનો પ્રચાર કરવા સામાન્ય સભાનાં અધ્યક્ષનાં પ્રયાસોને સમર્થન આપવા તેઓનાં પ્રતિનિધિમંડળોને સૂચનાઓ આપતા સામાન્ય સભાનાં 75માં સત્ર દરમિયાન નક્કર પરિણામો મેળવવાનાં તેઓનાં દૃઢ નિર્ધારને વ્યક્ત કર્યો હતો. સાથે મળીને, આપણે મજબૂત, કાયદેસરનાં સંયુક્ત રાષ્ટ્ર તરફ કાર્ય કરવાની જરૂર છે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 23, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.